# કમિશનર શાળાઓની કચેરી

બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર-૩૮૨૦૧૦. ફોન નં. ૦૭૯-૨૩૨૫૪૦૧૧.

ક્રમાંક: માધ્ય/મા-૨/ફરયદ/૨૦૨૧/૧૯૩૫૩-૯.　　　　　　　　　　તા.૨૭-૧૧-૨૦૨૧

**ઈ-મેલ**

**પ્રતિ,**
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ, ગુજરાત રાજ્ય.

**વિષય: સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો બાબત.**

**સંદર્ભ:** નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૦૧/૧૧/૨૦૨૧ ના પત્ર-ક્રમાંક: વિજાક/જન/જાપ્રપ/૨૦૨૧-૨૨/૩૪૫૦.

**સાહેબશ્રી,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્રની નકલ સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૧૯૭૮ થી ગુજરાત રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે શૈક્ષણિક સંસ્થામાં તેમજ નોકરીઓમાં અનામત નીતિનો અમલ શરૂ કરવામાં આવેલ છે. આ અનામતનો લાભ લેવા માટે ઉમેદવારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીની જાતિના ઉમેદવાર હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર મેળવવાનું રહે છે. આ પ્રમાણપત્ર આપવા માટે મુખ્યત્વે (૧) મામલતદારશ્રી (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી (૩) જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)ને અધિકૃત કરવામાં આવેલ છે.

શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં એટલે કે મે-જુનમાં એસ.એસ.સી અને એચ.એસ.સી બોર્ડની પરિક્ષાના પરિણામો બાદ નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશના હેતુ માટે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ દ્વારા જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે એક જ સમયે થતા ઘસારાને નિવારવા તેમજ વિદ્યાર્થીઓ તથા વાલીઓને હાલાકીમાંથી બચાવવા માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, મહેસૂલ વિભાગ અને શિક્ષણ વિભાગના સંયુક્ત પ્રયાસોથી **ધોરણ-૧૦ અને ધોરણ-૧૨**ના વિદ્યાર્થીઓને બોર્ડની પરિક્ષાના પરિણામ સાથે જ શાળા મારફતે જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મળી રહે તે મુજબની પદ્ધતિ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૪/૨૦૧૦નો ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૧૦૯/ ૧૩૬૩/૪ થી અમલમાં મુકવામાં આવેલ છે.

ઉપરોક્ત ઠરાવની સૂચનાઓ અને નિર્ધારીત કરવામાં આવેલ પદ્ધતિ મુજબ સંબંધિત શાળાઓએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મેળવા માટે સંબંધિત સત્તાધિકારીને જરૂરી દરખાસ્તો મોકલવાની તથા સંબંધિત સત્તાધિકારીઓએ પ્રમાણપત્રો તૈયાર કરી શાળાને મોકલી આપવાની કાર્યવાહી નિર્ધારીત સમયમર્યાદા મુજબ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહે છે.

આમ છતાં વિકસતી જાતિ કલ્યાણ ખાતાને અનુભવાયું છે કે કેટલીક શાળાઓ દ્વારા આવી દરખાસ્તો સમયસર રજૂ કરવામાં નિષ્કાળજી દાખવવામાં આવતી હોય છે તેમજ કેટલાક કિસ્સામાં દરખાસ્તો મળ્યા બાદ સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા જાતિ પ્રમાણપત્રો તૈયાર કરવાની કામગીરીમાં વિલંબ કરવામાં આવતો હોય છે. પરિણામે વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ/ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓના પરિણામ પછીના

ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ માટે ટૂંકાગાળામાં પ્રમાણપત્ર મેળવવામાં મુશ્કેલી અને હાડમારીનો સામનો કરવો પડતો હોય છે.

આવું ન બને તે માટે ચાલુ વર્ષે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતા જે વિદ્યાર્થીઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર મેળવવાપાત્ર ઠરે છે તેવા તમામ વિદ્યાર્થીઓને SSC/HSC બોર્ડની પરીક્ષાના પરિણામ પહેલા ડીસેમ્બર-૨૦૨૧ સુધીમાં તમામ વિદ્યાર્થીઓને મળી રહે, તેવું ઉચ્ચ કક્ષાએથી આયોજન કરવામાં આવેલ હોઇ, સરકારશ્રીએ અમલમાં મૂકેલ પદ્ધતિનો વિદ્યાર્થીઓને પુરો લાભ મળી રહે તે માટે શાળાઓ મારફત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો માટેની સંપૂર્ણ વિગતો સાથેની દરખાસ્ત સમયસર જે તે સત્તાધિકારીને મોકલી આપવામાં આવે અને સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા પણ પુરતી કાળજી લઇ જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી સંબંધિત શાળાઓને પહોંચાડવાની કામગીરી આયોજન મુજબ સમયમર્યાદામાં પુરી કરવા તથા જે તે કક્ષાએ કરવામાં આવેલ કામગીરી અંગેની ૩૧ ઓક્ટોબર, ૧૫-નવેમ્બર, ૩૦-નવેમ્બર, ૧૫ ડીસેમ્બર, ૩૦-ડીસેમ્બર અંતિત આંકડાકીય વિગતો આ સાથેના નિયત પત્રક મુજબ સંબંધિત જિલ્લાના વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળના જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)ને મોકલી આપવા માટે આ કચેરીની તાબા હેઠળના સંબંધિત તમામ અધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ આપવા સંદર્ભ દર્શિત પત્રથી જણાવેલ છે.

આથી, પત્રમાં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરી, તાબા હેઠળની તમામ શાળાઓને આ બાબતની જાણ તથા કાર્યવાહી કરવા અંગેની સૂચના આપની કક્ષાએથી કરવા જણાવવામાં આવે છે. વધુમાં, નિયત પત્રક મુજબની માહિતી સમયમર્યાદામાં સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) ને આપની કક્ષાએથી પહોંચતી થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

**બિડાણ** : સંદર્ભ દર્શિત પત્ર(બિડાણ-સહ).

**સંયુક્ત શિક્ષણ નિયામક**
**માધ્યમિક**
**ગુ.રા. ગાંધીનગર.**

**નકલ સવિનય રવાના :-**

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, બ્લોક નં.૪/ ૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નં. વિજાક/જન/ જાપ્રપ /૨૦૨૧-૨૨/૩૪૫૦
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર
ફોન નં. ૨૩૨૫૩૨૪૫ થી ૫૩,ફેકસ નં ૨૩૨૫૩૨૪૬
EMAIL: jtd-dcw@gujarat.gov.in
તા. ૯ /૧૧ /૨૦૨૧

08 NOV 2021
6271

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી,
કમિશ્નર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) જિલ્લા કલેક્ટરશ્રી તમામ

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ

વિષય :- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો બાબત.

સંદર્ભ :- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૪/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૧૦૯/ ૧૩૬૩/અ

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૧૯૭૮ થી ગુજરાત રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે શૈક્ષણિક સંસ્થામાં તેમજ નોકરીઓમાં અનામત નીતિનો અમલ શરૂ કરવામાં આવેલ છે. આ અનામતનો લાભ લેવા માટે ઉમેદવારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીની જાતિના ઉમેદવાર હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર મેળવવાનું રહે છે. આ પ્રમાણપત્ર આપવા માટે મુખ્યત્વે (૧) મામલતદારશ્રી (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી (૩) જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)ને અધિકૃત કરવામાં આવેલ છે.

શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં એટલે કે મે-જુનમાં એસ.એસ.સી અને એચ.એસ.સી બોર્ડની પરિક્ષાના પરિણામો બાદ નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશના હેતુ માટે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ દ્વારા જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે એક જ સમયે થતા ઘસારાને નિવારવા તેમજ વિદ્યાર્થીઓ તથા વાલીઓને હાલાકીમાંથી બચાવવા માટે સામાજિક ન્યાય અને અધિકરીતા વિભાગ, મહેસૂલ વિભાગ અને શિક્ષણ વિભાગના સંયુક્ત પ્રયાસોથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને બોર્ડની પરિક્ષાના પરિણામ સાથે જ શાળા મારફતે જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મળી રહે તે મુજબની પધ્ધતિ સંદર્ભમાં જણાવેલ સરકારશ્રીના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે.

ઉપરોક્ત ઠરાવની સૂચનાઓ અને નિર્ધારીત કરવામાં આવેલ પધ્ધતિ મુજબ સંબંધિત શાળાઓએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મેળવા માટે સંબંધિત સત્તાધિકારીને જરૂરી દરખાસ્તો મોકલવાની તથા સંબંધિત સત્તાધિકારીઓએ પ્રમાણપત્રો તૈયાર કરી શાળાને મોકલી આપવાની કાર્યવાહી નિર્ધારીત સમયમર્યાદા મુજબ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહે છે. આમ છતાં અનુભવે જણાયેલ છે કે કેટલીક શાળાઓ દ્વારા આવી દરખાસ્તો સમયસર રજૂ કરવામાં

નિષ્કાળજી દાખવવામાં આવતી હોય છે તેમજ કેટલાક કિસ્સામાં દરખાસ્તો મળ્યા બાદ સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા જાતિ પ્રમાણપત્રો તૈયાર કરવાની કામગીરીમાં વિલંબ કરવામાં આવતો હોય છે. પરિણામે વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ/ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓના પરિણામ પછીના ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ માટે ટૂંકાગાળામાં પ્રમાણપત્ર મેળવવામાં મુશ્કેલી અને હાડમારીનો સામનો કરવો પડતો હોય છે. આવું ન બને તે માટે ચાલુ વર્ષે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતા જે વિદ્યાર્થીઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર મેળવવાપાત્ર ઠરે છે તેવા તમામ વિદ્યાર્થીઓને SSC/HSC બોર્ડની પરીક્ષાના પરિણામ પહેલા ડીસેમ્બર-૨૦૨૧ સુધીમાં તમામ વિદ્યાર્થીઓને મળી રહે, તેવું ઉચ્ચ કક્ષાએથી આયોજન કરવામાં આવેલ હોઇ, સરકારશ્રીએ અમલમાં મૂકેલ પધ્ધતિનો વિદ્યાર્થીઓને પુરો લાભ મળી રહે તે માટે શાળાઓ મારફત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો માટેની સંપૂર્ણ વિગતો સાથેની દરખાસ્ત સમયસર જે તે સત્તાધિકારીને મોકલી આપવામાં આવે અને સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા પણ પુરતી કાળજી લઇ જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી સંબંધિત શાળાઓને પહોંચાડવાની કામગીરી આયોજન મુજબ સમયમર્યાદામાં પુરી કરવા તથા જે તે કક્ષાએ કરવામાં આવેલ કામગીરી અંગેની ૩૧ ઓક્ટોબર, ૧૫-નવેમ્બર, ૩૦-નવેમ્બર, ૧૫ ડીસેમ્બર, ૩૦-ડીસેમ્બર અંતિત આંકડાકીય વિગતો આ સાથેના નિયત પત્રક મુજબ સંબંધિત જિલ્લાના આ ખાતા હેઠળના જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)ને મોકલી આપવા માટે આપના તાબા હેઠળના સંબંધિત તમામ અધિકારીશ્રીઓને આપની કક્ષાએથી જરૂરી સૂચનાઓ આપવા વિનંતી છે.

આપનો,

બિડાણ : ઉપર મુજબ

(એન. એ. નિનામા IAS)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુ. રા., ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

(૧) અંગત સચિવશ્રી,
માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા
(અનુ.જાતિ કલ્યાણ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર

(૨) અંગત સચિવશ્રી,
માન.રાજ્યકક્ષા મંત્રીશ્રી, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું
કલ્યાણ, પ્રવાસન, સ્વર્ણિમ સંકુલ-૨, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર

૨/- સંદર્ભમાં જણાવેલ પત્રના અનુસંધાને માન.મંત્રીશ્રીના માયાળુ ધ્યાને મુકવા સારૂ.

**નકલ નકલ રવાના અમલ સારૂ:**

૧. જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા) તમામ
૨. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) તમામ

૨/- ઉપરોક્ત બાબતે જે તે સમયગાળા અંતિત થયેલ કામગીરીની સંકલિત વિગતો અત્રે મોકલી આપવાની રહેશે.

# પત્રક

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં વિદ્યાર્થીઓને શાળા મારફતે મળેલ દરખાસ્ત અન્વયે અપાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રોની સંખ્યાની વિગત (૩૧ ઓક્ટોબર, ૧૫-નવેમ્બર, ૩૦-નવેમ્બર, ૧૫ ડીસેમ્બર, ૩૦-ડીસેમ્બર અંતિત અંતિત)**

કચેરીનું નામ :

| જિલ્લાનું નામ | માધ્ય./ ઉ. માધ્યમિક શાળાની સંખ્યા | શાળા મારફત મોકલવામાં આવેલ/ મળેલ દરખાસ્તની સંખ્યા | સક્ષમ સત્તાધિકારી | વિદ્યાર્થીની સંખ્યા | અપાયેલ પ્રમાણપત્રની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | જિલ્લા કચેરી (વિકસતી જાતિ) | | |
| | | | તાલુકા વિકાસ અધિકારી | | |
| | | | મામલતદાર | | |
| કુલ | | | | | |